# PM મોદી જામનગર પહોંચ્યા આજે સોમનાથના દર્શન કરશે



**સોમનાથ** સ્વાભિમાન પર્વ નિમિત્તે પુનઃપ્રાણ પ્રતિષ્ઠાનાં 75 વર્ષની ઉજવણી

ગાંધીનગર : અરબી સમુદ્રના કિનારે સ્થિત સોમનાથ મંદિર આજે ભારતની અવિનાશી આસ્થા, સાંસ્કૃતિક ગૌરવ અને અડગ સંકલ્પનું જીવંત પ્રતિક બની ઊભું છે. ભગવાન શિવના 12 જ્યોતિર્લિંગોમાં પ્રથમ ગણાતા સોમનાથ મંદિર પર સદીઓ દરમિયાન અનેક આક્રમણો થયા છતાં દરેક વખત બાદ તેનું પુનઃનિર્માણ થતું રહ્યું છે.

ઈતિહાસ મુજબ 1026માં સોમનાથ પર પ્રથમ મોટો હુમલો થયો હતો. બાદમાં રાજા કુમારપાળ, જૂનાગઢના શાસકો અને લોકમાતા અહિલ્યાબાઈ હોળકરે મંદિરના પુનરુત્થાનમાં યોગદાન આપ્યું હતું. આઝાદી બાદ સરદાર વલ્લભભાઈ પટેલે 1947માં મંદિરના પુનઃનિર્માણનો સંકલ્પ લીધો હતો અને 11 મે 1951ના રોજ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરી હતી.આ વર્ષે મંદિરના પુનઃઉદઘાટનની 75મી વર્ષગાંઠ નિમિત્તે 'સોમનાથ સ્વાભિમાન પર્વ'ની ઉજવણી થઈ રહી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, જે શ્રી સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ પણ છે, તેઓ આવતીકાલે 11 મેના રોજ મંદિરની મુલાકાત લેશે. તેમણે સોમનાથને "ભારતની અજેય ભાવના"નું પ્રતિક ગણાવ્યું છે.150 ફૂટ ઊંચું શિખર, 10 ટનનો કળશ અને ભવ્ય ધ્વજદંડ ધરાવતું સોમનાથ મંદિર દર વર્ષે લાખો ભક્તોને આકર્ષે છે.

### ધર્મભૂમિ પર દેશભક્તિ અને સૈન્યશક્તિનો સંગમ

## સોમનાથના આકાશમાં ગૂંજશે 'સૂર્યકિરણ'નું શૌર્ય

**૧૧ મેના** રોજ સોમનાથ મંદિર પર ભારતીય વાયુસેનાનો દિલધડક એર શો, ચેતક હેલિકોપ્ટરથી થશે


ગાંધીનગર : સોમનાથ મંદિરના પુનઃનિર્માણના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે ઉજવાઈ રહેલા "સોમનાથ અમૃતપર્વ-૨૦૨૬" અંતર્ગત ધર્મભૂમિ સોમનાથમાં આસ્થા, દેશભક્તિ અને સૈન્યશક્તિનો અદભૂત સંગમ સર્જાવાનો છે. ૧૧ મેના રોજ સવારે ૧૧ વાગ્યે ભારતીય વાયુસેનાની વિશ્વવિખ્યાત 'સૂર્યકિરણ એરોબેટિક ટીમ' (SKAT) સોમનાથના આકાશમાં દિલધડક એર શો રજૂ કરશે. આજે યોજાયેલા રિહર્સલ દરમિયાન જ પાયલટોના સાહસભર્યા કરતબોએ લોકોના દિલ જીતી લીધા હતા. મંદિરના આકાશમાં ગર્જતા ફાઇટર જેટ્સ અને ત્રિરંગી ધુમાડાના દ્રશ્યોથી સમગ્ર વાતાવરણ દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું.વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે મોડી રાત્રે જામનગર ખાતે આવી પહોંચ્યા હતા. પીએમ મોદી આવતીકાલે ૧૧ મેના રોજ સોમનાથ અમૃત મહોત્સવમાં ભાગ લેશે. સોમનાથ મંદિરમાં વિશેષ મહાપૂજા, કુંભાભિષેક અને ધ્વજારોહણ વિધિમાં હાજરી આપ્યા બાદ વડાપ્રધાન ખાસ સ્મારક ટપાલ ટિકિટ અને સિક્કાનું પણ અનાવરણ કરશે. ત્યારબાદ સાંજે વડોદરામાં સરદારધામ હોસ્ટેલનું લોકાર્પણ કરશે. આ આધુનિક સંકુલમાં ૧૦૦૦ વિદ્યાર્થીઓ અને ૧૦૦૦ વિદ્યાર્થીનીઓ માટે રહેવાની સુવિધા સાથે સેન્ટ્રલ ડાઇનિંગ હોલ, લાઇબ્રેરી, ઓડિટોરિયમ અને ઈ-લાઇબ્રેરી જેવી હાઈટેક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

### આજે વડોદરામાં PMનો રોડ શો યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.10: વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી સમયમાં વડોદરાની મુલાકાતે આવી રહ્યા છે. અહીં તેઓ રોડ શો કરશે. ત્યારે સમગ્ર સંસ્કારી નગરીમાં અત્યારથી જ ભારે ઉત્સાહ અને રોશનીનો માહોલ જોવા મળી રહ્યો છે. વડાપ્રધાનના ભવ્ય સ્વાગત માટે વડોદરા મહાનગરપાલિકા અને વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી છે. સમગ્ર શહેરને રંગબેરંગી લાઇટો અને શણગારથી ઝળહળતું કરી દેવામાં આવ્યું છે, જેના કારણે શહેરમાં વહેલી દિવાળી જેવો નજારો જોવા મળી રહ્યો છે. વડાપ્રધાનના રૂટ પર ઠેર-ઠેર અદભૂત લાઈટિંગ અને સજાવટ કરવામાં આવી છે. આ સજાવટમાં સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલના લાઈટિંગથી બનેલા સ્ટેચ્યુ છે. આ વિશાળ લાઈટિંગ પ્રતિકૃતિઓ લોકોમાં ભારે કુતૂહલ અને આકર્ષણ જન્માવી રહી છે. રાત્રિના સમયે આ લાઈટિંગને નિહાળવા માટે મોટી સંખ્યામાં નગરજનો ઉમટી રહ્યા છે અને સેલ્ફી લઈ રહ્યા છે. રોડ-રસ્તાઓ પર કરવામાં આવેલી આ અદભૂત સજાવટ શહેરની સુંદરતામાં ચાર ચાંદ લગાવી રહી છે. વડાપ્રધાનના પ્રવાસ અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને શહેર પોલીસ વિભાગ દ્વારા ટ્રાફિક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જે મુજબ, વડાપ્રધાનના રૂટ પર આવતા મુખ્ય રસ્તાઓ પર સામાન્ય જનતા માટે અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

# CA ફાઈનલ વર્ષમાં બે વખત જ, આગામી પરીક્ષા નવેમ્બરમાં

**ICAIએ** ફાઉન્ડેશન અને ઈન્ટર સપ્ટેમ્બર પરીક્ષાનું શિડ્યૂલ જાહેર કર્યું, ૬ જુલાઈથી ફોર્મ પ્રક્રિયા શરૂ



સુરત : ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICAI) દ્વારા સપ્ટેમ્બર-૨૦૨૬માં યોજાનારી ફાઉન્ડેશન અને ઈન્ટરમિડિયેટ પરીક્ષાઓનું સમયપત્રક જાહેર કરવામાં આવ્યું છે. સાથે જ સીએ ફાઈનલ પરીક્ષાના શિડ્યૂલમાં મહત્વપૂર્ણ ફેરફાર કરતા હવે ફાઈનલની પરીક્ષા વર્ષે માત્ર બે વખત જ લેવાશે અને આગામી પરીક્ષા સપ્ટેમ્બરના બદલે નવેમ્બર મહિનામાં યોજાશે.

જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ ઈન્ટરમિડિયેટ ગ્રુપ-૧ની પરીક્ષાઓ ૧, ૩ અને ૬ સપ્ટેમ્બરે યોજાશે, જ્યારે ગ્રુપ-૨ની પરીક્ષાઓ ૮, ૧૦ અને ૧૨ સપ્ટેમ્બરે લેવામાં આવશે. ફાઉન્ડેશનની પરીક્ષાઓ ૨, ૫, ૭ અને ૯ સપ્ટેમ્બરના રોજ યોજાનાર છે. ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત સહિત દેશભરના ૨૩ શહેરોમાં પરીક્ષા કેન્દ્રો રહેશે. ICAI દ્વારા જાહેર કરાયેલા નવા શિડ્યૂલ મુજબ ફાઈનલ ગ્રુપ-૧ની પરીક્ષાઓ ૨, ૪ અને ૬ નવેમ્બરે તેમજ ગ્રુપ-૨ની પરીક્ષાઓ ૯, ૧૧ અને ૧૩ નવેમ્બરે યોજાશે. અગાઉ સીએની પરીક્ષાઓ જાન્યુઆરી, મે અને સપ્ટેમ્બર એમ વર્ષે ત્રણ વખત લેવાતી હતી, પરંતુ હવે ફાઈનલ માટે વર્ષમાં માત્ર બે પ્રયાસ રાખવાનો નિર્ણય અમલમાં મુકાયો છે. જેના કારણે સપ્ટેમ્બર સત્રને બદલે નવેમ્બર સત્ર યોજાશે અને ત્યારબાદ સીધી મે-૨૦૨૭માં આગામી પરીક્ષા લેવામાં આવશે. સપ્ટેમ્બર તથા નવેમ્બર સત્રની પરીક્ષાઓ માટે ઓનલાઈન નોંધણી પ્રક્રિયા ૬ જુલાઈથી શરૂ થશે. ઉમેદવારો ૧૯ જુલાઈ સુધી ફોર્મ ભરી શકશે, જ્યારે ૨૨ જુલાઈ સુધી રૂ. ૬૦૦ લેટ ફી સાથે અરજી કરી શકાશે. ત્યારબાદ ૨૩થી ૨૫ જુલાઈ દરમિયાન કરેકશન વિન્ડો ખુલ્લી રહેશે, જેમાં વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્ર અને ભાષા માધ્યમમાં ફેરફાર કરી શકશે.

# કંડલા એરપોર્ટ અને રાજકોટમાં સૌથી વધુ 44 ડિગ્રી ગરમી

**ગુજરાતમાં** ગરમીનો પ્રકોપ યથાવત્, આગામી પાંચ દિવસ હીટવેવ જેવી સ્થિતિની આગાહી

### ગરમ અને ભેજવાળી હવાની અસર અનુભવાઈ શકે

બનાસકાંઠા, પાટણ, ગાંધીનગર, અમદાવાદ, આનંદ, વડોદરા અને સુરત સહિતના જિલ્લાઓમાં ગરમ અને ભેજવાળી હવાની અસર અનુભવાઈ શકે છે. જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છના સુરેન્દ્રનગર, રાજકોટ, અમરેલી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ અને કચ્છ જિલ્લામાં પણ લોકો ગરમીથી પરેશાન થઈ શકે છે. અમદાવાદ અને આસપાસના વિસ્તારો માટે હવામાન વિભાગે આગામી 24 કલાક દરમિયાન આકાશ મુખ્યત્વે સ્વચ્છ રહેવાની શક્યતા વ્યક્ત કરી છે. અમદાવાદ શહેરમાં મહત્તમ તાપમાન 44 ડિગ્રી સુધી પહોંચવાની આગાહી કરવામાં આવી છે.

અમદાવાદઃ અમદાવાદમાં પણ 43 ડિગ્રી ગરમી સાથે આકરા ઉનાળાનો અનુભવ થયો હતો. આગામી પાંચ દિવસ હીટવેવ જેવી સ્થિતિની આગાહી છે. રવિવારે કંડલા એરપોર્ટ અને રાજકોટમાં કાળઝાળ 44 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાતાં લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા હતા. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોએ આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યના અનેક વિસ્તારોમાં 41થી 45 ડિગ્રી સુધી તાપમાન રહેવાની આગાહી વ્યક્ત કરી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રવિવારે રાજ્યનાં અન્ય શહેરોમાં ભૂજમાં 42 ડિગ્રી, નલિયામાં 36 ડિગ્રી, કંડલા પોર્ટ પર 39 ડિગ્રી, અમરેલીમાં 43 ડિગ્રી, ભાવનગરમાં 41 ડિગ્રી, પોરબંદરમાં 38 ડિગ્રી, સુરેન્દ્રનગરમાં 43 ડિગ્રી, મહુવામાં 37 ડિગ્રી, કેશોદમાં 42 ડિગ્રી, અમદાવાદમાં 43 ડિગ્રી, ડીસામાં 42 ડિગ્રી, ગાંધીનગરમાં 43 ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરમાં 43 ડિગ્રી, વડોદરામાં 43 ડિગ્રી, સુરતમાં 41 ડિગ્રી અને દમણમાં 37 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.

છેલ્લા 24 કલાક દરમિયાન દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લામાં અલગ-અલગ વિસ્તારોમાં હીટવેવ જેવી સ્થિતિ અનુભવાઈ હતી. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર વધારો નોંધાયો હતો. જ્યારે ઉત્તર ગુજરાત અને કચ્છ વિસ્તારમાં તાપમાનમાં ખાસ ફેરફાર નોંધાયો નહોતો. રાજ્યના અનેક વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતાં વધુ નોંધાતા ગરમીનો અહેસાસ વધી ગયો છે.

હવામાન વિભાગ મુજબ દક્ષિણ-પૂર્વ રાજસ્થાન અને આસપાસના વિસ્તારમાં 0.9 કિમી ઊંચાઈએ અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે. ઉપરાંત પશ્ચિમી વિક્ષેપ મધ્ય અને ઉપરના ટ્રોપોસ્ફિયરમાં સક્રિય છે. રાજ્ય ઉપર નીચલા સ્તરે પશ્ચિમથી ઉત્તર-પશ્ચિમ દિશાનો પવન ફૂંકાઈ રહ્યો છે. જેના કારણે ગરમીમાં વધારો થઈ રહ્યો છે.

હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાનમાં વધુ 2થી 3 ડિગ્રીનો વધારો થઈ શકે છે. ત્યારબાદ તાપમાનમાં થોડો ઘટાડો થવાની શક્યતા છે. 11 મેથી 15 મે દરમિયાન ગરમ અને ભેજવાળી હવાની અસરને કારણે અસહજ પરિસ્થિતિ સર્જાઈ શકે છે.

## અજાણ્યા વાહનની અડફેટે માંગરોળના પારસી વૃદ્ધનું મોત

**હાલ** સગરામપુરામાં રહેતા રોહિન્ટન વકીલ સાથે ગામથી બાઇક પર આવ્યા બાદ ચાલતા ઘરે જતાં હતાં

સુરતઃ ઉધના દરવાજા બ્રીજની નીચે વાહન ચાલકે અડફેટે લેતા વૃદ્ધનું મોત નિપજ્યું હતું. વૃદ્ધ તેમના વકીલ સાથે ગામમાં જમીન જોઈ પરત ચાલતા ઘરે જતા સમયે અકસ્માત સર્જાયો હતો.

મળેલી માહિતી મુજબ, મૂળ માંગરોળના વતની અને હાલ સગરામપુરા ખાતે આવેલ આકાશ બિલ્ડિંગમાં 70 વર્ષીય રોહિન્ટન નારેમન મદન પરિવાર સાથે રહેતા હતા અને નિવૃત જીવન જીવતા હતા. 30મી એપ્રિલના રોજ રોહિન્ટન તેમના વકીલ સહિત ચાર લોકો તેમના વતન વડગામ ખાતે જમીન જોવા માટે ગયા હતા. બાદ તેમના વકીલએ તેમને બાઈક પર ઉધના દરવાજા બ્રિજ નીચે ઉતારી જતા રહ્યા હતા.

જ્યાંથી તેઓ ચાલતા ચાલતા ઘરે જવા નીકળ્યા હતા. તે સમયે વાહન ચાલકે રોહિન્ટનને અડફેટે લેતા ગંભીર ઈજાને પગલે સારવાર માટે 108 એમ્બ્યુલન્સમાં નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન આજે સાંજે તેમનું મોત નિપજ્યું હતું.

## રૂ.3000ની લેતીદેતીમાં યુવાન પર સળિયાથી હુમલો

સુરતઃ ગોડાદરા વૃંદાવન નગરમાં રહેતા ડ્રાઈવર મનોજભાઈ બચ્છાવને આરોપી સંદીપ સૈદાણે પાસે 3000 રૂપિયા લેવાના નીકળતા હતા. જે મુદ્દે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ત્યાર બાદ પણ સંદીપનો ગુસ્સો શાંત થયો નહોતો. તે પોતાની પત્ની પ્રિયા, પુત્રી તાનુ અને સાગરિતો નવીન, સંજય, વિકાસ તથા મામા દિનકરને સાથે લઈ રાત્રિના સમયે મનોજભાઈના ઘરે હથિયારો સાથે ત્રાટક્યા હતા. મનોજભાઈના માથાના પાછળના ભાગે ટાઈલ્સનો ફટકો માર્યો હતો. સંદીપે લોખંડના સળિયા વડે માથામાં જીવલેણ ઘા ઝીંક્યો હતો તેમજ કારમાં તોડફોડ કરી હતી.

## અડાજણમાં પહેલા માળેથી પટકાતાં 22 વર્ષીય યુવકનું મોત

**પાંડેસરામાં** બીજા માળેથી પટકાતાં 14 વર્ષીય તરૂણી પણ મોતને ભેટી

સુરતઃ શહેરમાં બે અલગ-અલગ બનાવમાં ઉપરથી નીચે પટકાતાં તરુણી સહિત બે લોકોના મોત થયા છે. મૂળ બિહાર ઔરંગાબાદના વતની પ્રીતિકુમારી ધર્મેન્દ્રભાઈ મંજી (14 વર્ષ) હાલ પાંડેસરા કમલા ચોક પાસે આવેલ ગણેશનગરમાં માતા સાથે રહેતી હતી. તેની માતા મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. શનિવારે સાંજે પ્રીતિકુમારી ઘરના બીજા માળે બાલ્કનીની દીવાલ ઉપર બેઠી હતી. દરમિયાન તેને ચક્કર આવતા અકસ્માતે નીચે પડી ગઈ હતી. જેથી તેને સારવાર માટે 108 એમ્બ્યુલન્સમાં નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી. બીજા બનાવમાં, અડાજણ ખાતે સરસ્વતી સ્કૂલ પાસે એસએમસી ક્વાર્ટર્સમાં રહેતો 22 વર્ષીય પ્રકાશ જમનભાઈ રાઠોડ મજૂરી કામ કરતો હતો. શુક્રવારે બપોરે પ્રકાશ ઘરના પહેલા માળે પેસેજમાં કપડા લેવા ગયો હતો. ત્યારે તે નીચે પડી જતા ગંભીર ઈજાને પગલે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું શનિવારે સાંજે મોત થયું હતું.

## વેડરોડ પર પાર્ક કરેલી કારમાં આગ

સુરતઃ શહેરના વેડ રોડ પર આવેલ આણંદ પાર્ક સોસાયટી પાસે પાર્ક કરેલી કારમાં ગતરોજ મોડી રાત્રે અચાનક જ આગ લાગતા કાર ભડભડ સળગી ઊઠી હતી. ગણતરીની મિનિટોમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આખી કાર આગની ઝપેટમાં આવી ગઈ હતી. બનાવની જાણ થતાની સાથે જ ફાયર બ્રિગેડના જવાનોએ ઘટના સ્થળે પહોંચી આગને કાબૂમાં લીધી હતી. સદનસીબે આ બનાવમાં કોઈ જાનહાની થવા પામી ન હતી. બનાવની વિગત એવી છે કે શહેરના વેડ રોડ પર રહેતા કુલદીપભાઈ નાકરાણી ગતરોજ ભાઈના જન્મદિવસમાં જવા માટે ઘરેથી કાર લઈને નીકળ્યા હતા. જોકે બાદમાં તેઓએ પોતાની જીજે.05. આરડબલ્યુ. 4121 નંબરની કાર વેડ રોડ પર આણંદ પાર્ક સોસાયટી પાસે ડચ મંદિરની પાસે પાર્ક કરી તેના ભાઈની કારમાં બર્થડે પાર્ટીમાં જમવા નીકળ્યા હતા. રાત્રે 9:53 વાગ્યાના અરસામાં અચાનક જ તેમની કારમાં આગ લાગતા કાર સળગી ઊઠી હતી.

# ઉધના રેલવે સ્ટેશન પર યાત્રીની ભીડ ઘટવાની શરૂઆત થઈ

**રવિવારે** 5 ટ્રેનોમાં 10 હજારથી ઓછા મુસાફરો નોંધાયા

સુરતઃ એપ્રિલ અને મે મહિનાની શરૂઆતમાં ઉત્તર ભારત તરફ જતી ટ્રેનોમાં મુસાફરોની ભારે ભીડને કારણે હાલાકી ભોગવી રહેલા ઉધના રેલવે સ્ટેશન પર હવે રાહતના સમાચાર સામે આવ્યા છે.

શાળાઓના વેકેશન અને લગ્નસરાની સીઝન ને કારણે છેલ્લા ત્રણ રવિવારથી જ્યાં ઉત્તર પ્રદેશ, બિહાર અને ઓડિશા તરફ જતી ટ્રેનોમાં 15 હજારથી વધુ મુસાફરોની ભીડ ઉમટી પડતી હતી, ત્યાં રવિવાર, 10 મેના રોજ આ સંખ્યામાં મોટો ઘટાડો જોવા મળ્યો છે.

રેલવે અધિકારીઓના જણાવ્યા અનુસાર, રવિવારે નિયમિત અને સ્પેશિયલ ટ્રેનો મળીને કુલ 9600 મુસાફરોએ ઉધના સ્ટેશન થી પ્રયાણ કર્યું હતું. ભીડ ઓછી હોવાને કારણે સ્ટેશન પરિસરમાં અગાઉ જેવી અવ્યવસ્થા કે અફરાતફરીની સ્થિતિ સર્જાઈ નહોતી. ગત 19 એપ્રિલ, 26 એપ્રિલ અને 3 મેના રોજ જે પ્રકારે મુસાફરોનું ભારે દબાણ હતું, તેની સરખામણીએ આ રવિવાર શાંત રહ્યો હતો.

એપ્રિલના અંતમાં મોટી સંખ્યામાં શ્રમિકો અને પરિવારો વતન જવા રવાના થયા હતા, જેના કારણે રેલવેએ રવિવારના દિવસોમાં એક ડઝનથી વધુ સ્પેશિયલ ટ્રેનો દોડાવવા ની ફરજ પડી હતી. રવિવારે સૌથી વધુ ભીડ ઉધના-જયનગર અંત્યોદય ટ્રેનમાં જોવા મળી હતી, જેમાં આશરે 4000 મુસાફરો રવાના થયા હતા. અન્ય ટ્રેનોમાં તાપ્તી ગંગા, અમૃત ભારત અને જયનગર સ્પેશિયલ ટ્રેનોમાં પણ મુસાફરોની સંખ્યા નોંધપાત્ર રહી હતી, પરંતુ તે નિયંત્રણમાં હતી.ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા જાળવી રાખવામાં આવીભીડમાં ઘટાડો હોવા છતાં, રેલવે પ્રશાસને કોઈ પણ જોખમ ન લેતા સુરક્ષા વ્યવસ્થા જાળવી રાખી હતી.

### મુસાફરોની સંખ્યા

| ટ્રેન નંબર | ટ્રેન | મુસાફર |
|---|---|---|
| 22564 | ઉધના-જયનગર | 4000 |
| 19045 | તાપ્તી ગંગા | 2200 |
| 19021 | અમૃત ભારત | 1500 |
| 09045 | ઉધના-જયનગર | 1100 |
| 09041 | ઉધના-જયનગર | 800 |

રવિવારે સ્ટેશન પર કુલ 92 આરપીએફ (RPF) અને જીઆરપી (GRP) ના જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા. રેલવેના વરિષ્ઠ અધિકારીઓ પણ સતત મોનિટરિંગ કરતા રહ્યા હતા, જેથી મુસાફરોને પ્લેટફોર્મ પર જવામાં કે ટ્રેનમાં બેસવા માં કોઈ મુશ્કેલી ન પડે. અધિકારીઓ ના મતે હવે સ્થિતિ ધીમે ધીમે સામાન્ય થઈ રહી છે.

## 13 કારની ચોરી કરનાર વલસાડમાંથી ઝડપાયો

સુરતઃ સુરતના અડાજણ, રાંદેર, પૂણા, સરથાણા, લિંબાયત પોલીસ મથકની હદમાંથી એક પછી એક એમ કુલ 13 કારની ચોરી 2022ના વર્ષમાં થઈ હતી. તે વખતે આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ થયો હતો અને બે આરોપીઓ અયુબઅલી ઉર્ફે ગુડ્ડુ તેમજ અનિલ ઉર્ફે છોટુની ધરપકડ કરવામાં આવી હતી. આ બંનેની પૂછપરછમાં ઈમરાન કુરેશીનું નામ ખૂલ્યું હતું. જે પોલીસની ધરપકડ ખાળવા માટે ટ્રક ડ્રાઈવર બની ગયો હતો. જેના કારણે તેને પકડવાનું કામ કપરું બની ગયું હતું. દરમિયાન તે વલસાડ જિલ્લાના કિલ્લા પારડી ખાતે એક ટ્રાન્સપોર્ટમાં ટ્રક લાવીને આવ્યો હોવાની માહિતી મળતાં ક્રાઈમ બ્રાંચની ટીમે મોહમદ ઈમરાન ફૈયાઝુદ્દીન ખાન કુરેશી (ઉં.વ.32) (રહે., યાહ્યાપુર, જિ. પ્રતાપગઢ, ઉત્તરપ્રદેશ)ને પકડી પાડ્યો હતો. આ ચોરી કરવા માટે તે એક અલગ જ પ્રકારની ટેકનોલોજીનો ઉપયોગ કરતો હોવાનું પણ પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. હવે તેની સાથે અન્ય કોઈ ચોર સંકળાયેલા છે કે કેમ તેની તપાસ પોલીસ કરી રહી છે.

### ઓપેકમાં ભંગાણથી વૈશ્વિક તેલ રાજનીતિમાં નવો વળાંક

# યુએઈના નિર્ણયથી ટેક્સટાઈલ અને પેકેજિંગને મોટો લાભ થશે

**ક્રૂડ** ઓઈલના ભાવ ઘટતાં ઉત્પાદન ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થશે

**કાચા** માલ સસ્તા બનતા યાર્ન, ફેબ્રિક અને ગાર્મેન્ટ્સની ઉત્પાદન શ્રેણીમાં ખર્ચ ઓછો થશે

સુરતઃ ઓપેક (OPEC) સંગઠનમાં ભંગાણથી વૈશ્વિક તેલ રાજનીતિ અને ભારત સહિત સુરતના ઉદ્યોગો માટે નવી આશા જાગી છે. દક્ષિણ ગુજરાત, ખાસ કરીને સુરતના ટેક્સટાઈલ અને પેકેજિંગ ઉદ્યોગ પર જોવા મળશે.

ડો.પંકજ ગાંધી (પૂર્વ ડિરેક્ટર, મંત્રા, સુરત) કહે છે કે, આંતરરાષ્ટ્રીય બજારમાં થનારાં આ પરિવર્તનનો સૌથી વધુ લાભ દક્ષિણ ગુજરાત, ખાસ કરીને સુરતના ટેક્સટાઈલ અને પેકેજિંગ ઉદ્યોગોને થવાની સંભાવના છે. સુરત આજે દેશના 'મેન-મેડ ફાઈબર' (MMF) હબ તરીકે ઓળખાય છે. ભારતમાં ઉત્પાદિત થતા કુલ POY (Partially Oriented Yarn) અને PSF (Polyester Staple Fiber)માં દક્ષિણ ગુજરાતનો હિસ્સો અંદાજે 45થી 50 ટકા જેટલો છે. પોલિએસ્ટર યાર્નના ઉત્પાદન માટે જરૂરી PTA અને MEG જેવા મુખ્ય કાચા માલ સીધા પેટ્રોલિયમ આધારિત હોવાથી, ક્રૂડ ઓઈલના ભાવ ઘટતા ઉત્પાદન ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થશે. કાચા માલ સસ્તા બનતા યાર્ન, ફેબ્રિક અને ગાર્મેન્ટ્સની ઉત્પાદન શ્રેણીમાં ખર્ચ ઓછો થશે, જેના કારણે સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગને વૈશ્વિક બજારમાં વધુ સ્પર્ધાત્મકતા મળશે. નિકાસકારોને પણ આંતરરાષ્ટ્રીય ઓર્ડરમાં ભાવની દ્રષ્ટિએ લાભ મળવાની સંભાવના છે.

ડો.ગાંધી વધુમાં જણાવે છે કે, પેકેજિંગ ઉદ્યોગ માટે પણ આ પરિસ્થિતિ હકારાત્મક ગણાઈ રહી છે. PET Chips અને BOPET Filmsના ઉત્પાદનમાં ગુજરાત દેશનું અગ્રણી કેન્દ્ર છે અને ભારતના કુલ ઉત્પાદનમાંથી આશરે 35 થી 40 ટકા હિસ્સો ગુજરાત ધરાવે છે. ઈથિલિન અને અન્ય પેટ્રોલિયમ ડેરિવેટિવ્ઝના ભાવ ઘટતા પેકેજિંગ ઉદ્યોગના ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થશે. અંદાજ મુજબ વૈશ્વિક બજારમાં આ ઉદ્યોગોની સ્પર્ધાત્મકતામાં સીધો 5થી 8 ટકા સુધીનો વધારો થઈ શકે છે.

એ રીતે જોવામાં આવે તો ઓપેકમાં સર્જાયેલું ભંગાણ માત્ર વૈશ્વિક રાજકીય ઘટના નથી, પરંતુ ભારતના ઔદ્યોગિક અર્થતંત્ર માટે નવી તકરૂપ બની શકે છે. ખાસ કરીને સુરત જેવા ઉદ્યોગનગરી માટે તેલના ભાવમાં શક્ય ઘટાડો ટેક્સટાઈલ, પેકેજિંગ અને પેટ્રોકેમિકલ ક્ષેત્રમાં વિકાસના નવા દ્વાર ખોલી શકે છે.

વૈશ્વિક ઊર્જા બજારમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી ચાલી રહેલી અસ્થિરતા વચ્ચે હવે ઓપેક (OPEC) અને ઓપેક-પ્લસ સંગઠનમાં ઊભા થયેલા ભંગાણે આંતરરાષ્ટ્રીય તેલ રાજનીતિમાં નવા સમીકરણો ઊભાં કર્યાં છે. સંયુક્ત આરબ અમીરાત (UAE) દ્વારા 1 મે, 2026 થી ઓપેક અને ઓપેક-પ્લસ સંગઠનમાંથી અલગ થવાની જાહેરાત કરવામાં આવતાં વૈશ્વિક ક્રૂડ ઓઈલ બજારમાં મોટો ફેરફાર થવાની શક્યતાઓ વ્યક્ત થઈ રહી છે. લગભગ છ દાયકાના સહયોગ બાદ લેવામાં આવેલો આ નિર્ણય માત્ર મધ્ય પૂર્વની રાજકીય ગતિવિધિઓ પૂરતો મર્યાદિત નહીં રહે, પરંતુ ભારત સહિત વિશ્વભરના ઉદ્યોગો પર તેની સીધી અસર જોવા મળશે.

વિશેષજ્ઞોના મતે યુએઈનો આ નિર્ણય તેના રાષ્ટ્રીય આર્થિક હિતો અને વધતી ઉત્પાદન ક્ષમતાને ધ્યાનમાં રાખીને લેવાયો છે. હાલમાં ઓપેકના ઉત્પાદન ક્વોટા મુજબ યુએઈ દૈનિક અંદાજે 34 લાખ બેરલ તેલનું ઉત્પાદન કરી શકતું હતું, જ્યારે તેની વાસ્તવિક ક્ષમતા 48.5 લાખ બેરલ સુધી પહોંચી ચૂકી છે. સંગઠનમાંથી બહાર નીકળ્યા બાદ યુએઈએ 2030 સુધી દૈનિક 50 લાખ બેરલ ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક જાહેર કર્યો છે. પરિણામે વૈશ્વિક બજારમાં તેલની સપ્લાય વધવાની અને બ્રેન્ટ ક્રૂડના ભાવ 80 ડોલર આસપાસ સ્થિર થવાની સંભાવના ઊભી થઈ છે.

### અનુસંધાન ... પાના છેલ્લાનું

**15 વર્ષથી...**

હતું, ત્યાં હવે મોટા ભાગનાં વર્ષોમાં 41થી 42 ડિગ્રી વચ્ચે ગરમી રહેવા લાગી છે.

**સુરત રેલવે...**

ઈસમને વરાછાના શક્તિ વિજય સોસાયટી પાસે ઉતાર્યો હતો.પોલીસે અહીંથી 26 વર્ષીય કરણ શંકર મકવાણાને ઝડપી પાડ્યો હતો. કરણની કડક પૂછપરછમાં તેણે ગુનાની કબૂલાત કરી હતી અને જણાવ્યું હતું કે તેણે ચોરેલા સોનાના બિસ્કિટ પોતાની બાળ કિશોરી ભત્રીજી ને આપ્યા હતા. ભત્રીજીએ આ સોનું પોતાની દાદી 55 વર્ષીય ગીતાબેન સોલંકીને રાખવા આપ્યું હતું. પોલીસે ગીતાબેન પાસેથી 45 લાખની કિંમતના ત્રણેય સોનાના બિસ્કિટ રિકવર કર્યા છે.

**સુરતમાં ગરમીનો...**

એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. વિભાગે આગાહી કરી છે કે આગામી દિવસોમાં ગરમીનો પ્રકોપ યથાવત રહેશે અને તાપમાનમાં હજુ વધારો થવાની શક્યતા છે.

**ઇનકમ ટેક્સ...**

પ્રોફેશનલ્સને હવે ITR-4 ફાઈલ કરતી વખતે વધુ સાવચેતી અને ચોકસાઈ રાખવાની જરૂર રહેશે.

# 'BG Wealth Sharing' એપ મારફતે કરોડોની ઓનલાઈન ઠગાઈ: 5 સામે ફરિયાદ

**300** રૂપિયાનું રોકાણ કરી હજારો કમાણીના લોભમાં અનેક લોકો ભોગ બન્યા

**સાયબર** ક્રાઇમ પોલીસે મોબાઇલ, બેંક ટ્રાન્ઝેક્શન અને એપ લિંકના આધારે તપાસ હાથ ધરી

સુરતઃ શહેરમાં ઓનલાઈન ઈન્વેસ્ટમેન્ટ અને "વેલ્થ શેરિંગ"ના નામે લોકોને ઝાંસામાં લઈ લાખો રૂપિયાની ઠગાઈ કરવાના વધુ એક મોટા કૌભાંડનો ભંડાફોડ થયો છે. સુરત સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ "BG Wealth Sharing" નામની ઓનલાઈન એપ્લિકેશન અને બોનચેટ મારફતે લોકો પાસે રોકાણ કરાવી તેમને ભારે નફાની લાલચ અપાઈ હતી. આ સમગ્ર કૌભાંડમાં 5 જેટલા શખ્સ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

સાઈબર ક્રાઈમ પોલીસના હેડ કોન્સ્ટેબલ જયદીપસિંહ પરસોતમભાઈ વણોલે નોંધાવેલી ફરિયાદ મુજબ તેમને એવી બાતમી મળી હતી કે ઓફિસ નં.125, ભાટિયા કોમ્પ્લેક્સ, સોશિયો સર્કલની બાજુમાં ઉધના-મગદલ્લા રોડ ખાતે કેટલાક લોકો ઓન લાઈન છેતરપિંડી ચાલી રહી છે. જેના આધારે ત્યાં તપાસ કરી તો આરોપીઓએ સોશિયલ મીડિયા અને મોબાઈલ મેસેજિંગ પ્લેટફોર્મ મારફતે સંપર્ક કરી "BG Wealth Sharing" નામની સ્કીમમાં પૈસા રોકાણ કરવા પ્રેરિત કર્યા હતા. શરૂઆતમાં નાની રકમ પર નફો બતાવી વિશ્વાસ જીતવામાં આવ્યો હતો અને ત્યારબાદ મોટી રકમનું રોકાણ કરાવવામાં આવ્યું હતું. આરોપીઓએ "DSJ E change" સહિતની લિંક અને એપ્લિકેશન દ્વારા ટ્રાન્ઝેક્શન કરાવ્યા હોવાનું પણ બહાર આવ્યું છે.

ફરિયાદ અનુસાર આરોપીઓએ વિવિધ બેંક એકાઉન્ટ અને મોબાઈલ નંબરનો ઉપયોગ કરી ફરિયાદી સહિત અન્ય લોકોને ટાર્ગેટ બનાવ્યા હતા. શરૂઆતમાં 300થી 1000 રૂપિયા સુધીની રકમથી ટ્રેડિંગ અથવા વેલ્થ શેરિંગ થતી હોવાનું બતાવી વિશ્વાસમાં લેવામાં આવ્યા બાદ લાખો રૂપિયાની લેવડદેવડ કરાવવામાં આવી હતી. બાદમાં નફો ઉપાડવાનો પ્રયાસ કરતા એકાઉન્ટ બ્લોક થવા લાગ્યા અને વધુ રકમ જમા કરાવવા દબાણ કરવામાં આવતું હતું. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓએ અલગ અલગ મોબાઈલ નંબર, એપ્લિકેશન અને બેંકિંગ માધ્યમોનો ઉપયોગ કરી સુનિયોજિત રીતે ઠગાઈ આચરી હતી. ફરિયાદમાં કેટલાક આરોપીઓનાં નામ, મોબાઈલ નંબર તેમજ ટ્રાન્ઝેક્શનની વિગતો પણ દર્શાવવામાં આવી છે. તપાસ દરમિયાન બે મોબાઈલ ફોન તથા અન્ય ડિજિટલ પુરાવાઓનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓએ અલગ અલગ મોબાઈલ નંબર, એપ્લિકેશન અને બેંકિંગ માધ્યમોનો ઉપયોગ કરી સુનિયોજિત રીતે ઠગાઈ આચરી હતી.

### આ સાઇબર ગઠિયાઓ સામે ગુનો

1. નીરજસિંહ રાજપૂત
2. અજયસિંહ ઉમાશંકર રાજપૂત
3. અલાઉદ્દીન
4. ઇમરાન વોરા
5. સુપારસ શેઠિયા

# શિક્ષકોના વેકેશન પર 'વસતી ગણતરી'નું ગ્રહણ

સુરતઃ સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના હજારો શિક્ષકો માટે ઉનાળુ વેકેશન આફત સમાન સાબિત થયું છે. વસતી ગણતરી-2027ની કામગીરીને લઈ તંત્ર દ્વારા શિક્ષકોની અગાઉથી મંજૂર થયેલી તમામ રજાઓ તાત્કાલિક અસરથી રદ કરી દેવામાં આવી છે. શિક્ષણ સમિતિએ કડક આદેશ બહાર પાડીને તમામ કર્મચારીઓને પરવાનગી વગર હેડ ક્વાર્ટર (સુરત) ન છોડવા અને તાલીમમાં હાજર રહેવા તાકીદ કરી છે.

આ ઓચિંતા આદેશને કારણે જે શિક્ષકો મહિનાઓ પહેલા આયોજન કરીને પરિવાર સાથે અન્ય રાજ્યો કે વિદેશ પ્રવાસે ગયા હતા અથવા પોતાના વતનમાં હતા, તેમની હાલત અત્યંત કફોડી બની છે. પ્રવાસ અધવચ્ચે છોડીને પરત ફરવાના આદેશથી શિક્ષકોને ટિકિટ અને હોટેલ બુકિંગ પેટે મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

આ આયોજન વગરના નિર્ણયને પગલે શિક્ષણ જગતમાં ઉગ્ર અસંતોષ ફાટી નીકળ્યો છે. શિક્ષકોનો આક્ષેપ છે કે જો રાષ્ટ્રીય કામગીરીનું આયોજન પૂર્વ-નિર્ધારિત હતું, તો વેકેશન શરૂ થયા બાદ જ આવા આદેશો આપીને માનસિક સંતાપ કેમ આપવામાં આવી રહ્યો છે? વર્ષભર બિન-શૈક્ષણિક કામગીરીમાં વ્યસ્ત રહેતા શિક્ષકોમાં એવી લાગણી જન્મી છે કે સરકાર અને શિક્ષણ સમિતિ વચ્ચેના સંકલનના અભાવે તેમનો પારિવારિક સમય બરબાદ થઈ રહ્યો છે.

હાલમાં સુરતની શિક્ષણ આલમમાં ભારે રોષ છે અને આ અન્યાયી નિર્ણય સામે વિવિધ શિક્ષક સંગઠનો આગામી દિવસોમાં સત્તાધીશો સમક્ષ ઉગ્ર રજૂઆત કરી વિરોધ પ્રદર્શન કરે તેવી પૂરેપૂરી શક્યતા સેવાઈ રહી છે.